રજુ તારીખ : ૧૯/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૧૯/૦૫/૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૬/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૧૭

## અરવલ્લી જિલ્લાના મે.સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં, મુ. મોડાસા

**ક્રિ.પ.અ.નં.૬૦૬/૨૦૨૬**
આંક-

અરજદાર/આરોપી : (૧) મણાભાઇ ભુરાભાઇ પટેલીયા
ઉ.આ.વ.૪૫, ધંધો- ખેતી
(૨) સંજયસિંહ બાળુસિંહ બામણીયા
ઉ.આ.વ.૨૬, ધંધો- ખેતી
રહે.મુલોજ, તા.મોડાસા, જી.અરવલ્લી
મુળ રહે.અણદાપુર, તા.મોડાસા, જી.અરવલ્લી

વિરુધ્ધ

સામાવાળા : શ્રી સરકાર

અરજ - બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી

---

અરજદાર/આરોપીઓ તરફે.. વિ.વકીલ શ્રી સી.આર.ખાંટ
સામાવાળા/શ્રી સરકાર તરફે.. વિ.પી.પી.શ્રી ડી.એસ.પટેલ

---

**-: હુ કમ :-**

૧.. અરજદાર/આરોપીઓ તરફે હાલની અરજી માલપુર પો.સ્ટે. ગુના રજી.નં. ૦૨૭૫/૨૦૨૬, ઇ.પી.કો.ક. ૧૨૦(બી), ૧૯૩, ૪૧૭, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ મુજબના કામે પોલીસે તેઓને તા.૨૧/૪/૨૦૨૬ના રોજ અટક કરેલા અને તા.૧૩/૫/૨૦૨૬ના રોજ માલપુરના વિ.જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટ સમક્ષ રજુ કરતા તેઓને જયુડી.કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરેલ હોઇ તેઓએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

૨.. અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ બજતા સરકાર તરફે વિ. પી.પી.શ્રી ડી.એસ.પટેલ હાજર રહેલ છે અને આંક-૭થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે.

૩.. અરજદાર/આરોપીઓના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપીઓને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દીધેલ છે અને અરજદાર/આરોપીઓ તદ્દન નિર્દોષ છે અને ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ જ ગુન્હો કરેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે કહેવાતો બનાવ તા.૨૦/૧૧/૨૦૨૨ના રોજ બનેલ છે, જયારે તેની ફરિયાદ તા.૧૨/૦૫/૨૦૨૬ના રોજ એટલે કે ૩ વર્ષ ૫ મહીના અને ૧૪ દિવસ મોડી આપવામાં આવેલ છે જે ફરિયાદ લેટ દાખલ કર્યા અંગેનો કોઇ જ ખુલાસો ફરિયાદીએ કરેલ નથી, પરંતુ અરજદારો પાસેથી એકમાત્ર પૈસા અને જમીન પડાવવાના બદઇરાદે હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે આરોપીઓ સામેનો ગુન્હો ફાંસીની સજાને પાત્ર નથી કે તેઓનો કોઇ ગુનાહીત ઇતિહાસ પણ નથી અને ફરિયાદમાં અરજદાર/આરોપીઓના કયાંય નામ નથી, માત્ર શંકાના આધારે તેઓની ગુન્હામાં ખોટી રીતે સંડોવણી કરેલ છે. અરજદાર/આરોપીઓ ઉપરોકત જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે, નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે તેથી અરજીની હકીકત અને કેસના સંજોગો ધ્યાને લઇ અરજદાર/આરોપીઓની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

૪.. સામાવાળા/ સરકાર શ્રી તરફે વિ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, હાલના અરજદાર/આરોપીઓએ અન્ય સહ આરોપીઓ સાથે મળી જઇ તા.૧/૧૦/૨૦૨૨થી તા.૧૫/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમિયાન મોજે નાથાવાસ અને મોડાસા મામલતદાર કચેરી મુકામે ગુનાહીત કાવતરુ રચી મોજે નાથાવાસ ગામની સીમમાં જુનો ખાતા નં.૧૨૯ (નવો ખાતા નં.૩૬૨) તથા જુનો ખાતા નં.૨૩૬ (નવો ખાતા નં.૩૬૧) જમીન મુળ માલિકોના જાણ બહાર તેઓ આધારકાર્ડ મેળવી ખોટા પુરાવા ઉભા કરી ખેતીની જમીનનો વેચાણ બાનાખત ઉપર મુળ માલિક સિવાયના ખાટા બીજા ખેડુત ઉભા કરી તેમજ જમીન વહેંચણી કરવા અંગેનું ખોટું સોગંદનામા ઉપર મુળ માલિકોની

ખોટી સહી- અંગુઠાઓ કરી તેમજ મામલતદાર કચેરી, માલપુર મુકામે જુનો ખાતા નં.૧૨૯ (નવો ખાતા નં.૩૬૨) ખેતીલાયક જમીનનો વેચાણ દસ્તાવેજો સ્ટેમ્પ ડયુટી જમીન માલિક તરીકે સાહેદ સુફ્રાજી કાળાજી ડાભી, રહે.નાથાવાસ, તા.માલપુર, જી.અરવલ્લીના નામનો ખોટો માણસ ઉભો કરી ખોટો વેચાણ દસ્તાવેજ કરાવી ફરિયાદી પાસેથી જુદી જુદી તારીખે મળી કુલ રૂ.૪૮,૦૦,૦૦૦/- લાખની ઠગાઇ કરેલ છે અને હાલના અરજીના અરજદાર/આરોપી મણાભાઇ ભુરાભાઇ પટેલીયાએ માલપુર સબ રજીસ્ટ્રારની ઓફીસમાં વેચાણ આપનાર જમીન માલિક તરીકે સુફ્રાજી કાળાજી ડાભી, રહે.નાથાવાસ, તા.માલપુર, જી.અરવલ્લી વાળાની જગ્યાએ ખોટો માણસ સરદારજી કાળાજી બામણીયા, આશરે ઉ.વ. ૮૦ વર્ષ, રહે.સુજરપુર (અણદાપુર), તા.માલપુર, જી.અરવલ્લીનાઓને લઇને સાક્ષી તરીકે પોતે ખોટો હોવાનું જાણવા છતાં રૂ.૫૦,૦૦૦/-ની લાલાચમાં આવી સહ આરોપીઓ સાથે મળી ખોટી ઓળખ આપેલ છે અને દસ્તાવેજ થયેલ છે. તેમજ અરજદાર/ આરોપી સંજયસિંહ બાલુસિંહ બામણીયાએ મોડાસા મુકામે આવેલ નોટરી એન.બી.પરમાર એડવોકેટની ઓફસે જમીનનો વેચાણ બાનાખત કરેલ ત્યારે પોતાના કુવા (૧) છગનભાઇ પુજાભાઇ ખાંટ, રહે.મોલ્લી, તા.માલપુર, જી.અરવલ્લી તથા કુટુંબી કાકા (૨) કાળુભાઇ ગોબરભાઇ બામણીયા, રહે.અણદાપુર, તા.મોડાસા, જી.અરવલ્લીનાઓને પોતે ઓળખતો હોવા છતાં જમીન માલિક તરીકે રમણજી શનાજી ડાભી તથા ડાભી રમેશજી શનાજી, બંને બહે. નાથાવાસ, તા.માલપુર, જી.અરવલ્લીનાઓની જગ્યાએ ખોટા માણસો તરીકે (૧) છગનભાઇ પુજાભાઇ ખાંટ તથા (૨) કાળુભાઇ ગોબરભાઇ બામણીયાનાઓ ખોટા માણસો બની ખોટું બાનાખત કરાવેલ ત્યારે આ બંને ખોટા માણસો હોવાનું જાણવા છતાં મુળ માલિકોની ખોટી ઓળખ નોટરી સામે આપેલ છે. આમ, હાલના બંને અરજદાર/આરોપીઓએ ંગુન્હામાં મહત્વનો ભાગ ભજવેલ છે. તે સંજોગોમાં જો તેઓના રેગ્યુલર જામીન મંજુર કરવામાં આવે તો તેઓના સ્વહસ્તાક્ષરના નમુના, હેન્ડ

રાઈટીંગ, ફીંગર પ્રીન્ટ અને ફોટોગ્રાફીક એફ.એસ.એલ.માં મોકલી આપવાના બાકી છે અને હાલમાં તપાસ ચાલુ છે અને અન્ય સહ આરોપીઓ પકડવાના બાકી છે જેથી અરજદાર/આરોપીઓનો ગુન્હામાં રોલ અને ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ તેઓના રેગ્યુલર જામીન નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫.. અરજીની હકીકતો વંચાણે લીધી. બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા. અરજીના સમર્થનમાં રજુ આંક-૩નું દસ્તાવેજી પુરાવાલીસ્ટ ધ્યાને લીધું તથા તપાસ કરનાર અધિકારીનું આંક-૭નું સોગંદનામું વંચાણે લીધું. ફરિયાદ હકીકત તથા પોલીસ પેપર્સ વંચાણે લેતાં હાલના અરજીના અરજદાર/આરોપીઓ પૈકી મણાભાઇ ભુરાભાઇ પટેલીયાએ માલપુર સબ રજીસ્ટ્રારની ઓફીસમાં વેચાણ આપનાર જમીન માલિક તરીકે સુફરાજી કાળાજી ડાભી, રહે.નાથાવાસ, તા.માલપુર, જી.અરવલ્લી વાળાની જગ્યાએ ખોટો માણસ સરદારજી કાળાજી બામણીયા, આશરે ઉ.વ. ૮૦ વર્ષ, રહે.સુજરપુર (અણદાપુર), તા.માલપુર, જી.અરવલ્લીનાઓને લઇને સાક્ષી તરીકે પોતે ખોટો હોવાનું જાણવા છતાં રૂ।.૫૦,૦૦૦/-ની લાલાચમાં આવી સહ આરોપીઓ સાથે મળી ખોટી ઓળખ આપેલ છે અને દસ્તાવેજ થયેલ હોવાની હકીકત તપાસમાં ખુલેલ છે. તેમજ અરજદાર/આરોપી સંજયસિંહ બાલુસિંહ બામણીયાએ મોડાસા મુકામે આવેલ નોટરી એન.બી.પરમાર એડવોકેટની ઓફીસમાં જમીનનો વેચાણ બાનાખત કરેલ ત્યારે પોતાના કુવા (૧) છગનભાઇ પુજાભાઇ ખાંટ, રહે.મોલ્લી, તા.માલપુર, જી.અરવલ્લી તથા કુટુંબી કાકા (૨) કાળુભાઇ ગોબરભાઇ બામણીયા, રહે.અણદાપુર, તા.મોડાસા, જી.અરવલ્લીનાઓને પોતે ઓળખતો હોવા છતાં જમીન માલિક તરીકે રમણજી શનાજી ડાભી તથા ડાભી રમેશજી શનાજી, બંને બહે. નાથાવાસ, તા.માલપુર, જી.અરવલ્લીનાઓની જગ્યાએ ખોટા માણસો તરીકે (૧) છગનભાઇ પુજાભાઇ ખાંટ તથા (૨) કાળુભાઇ ગોબરભાઇ બામણીયાનાઓ ખોટા માણસો બતાવી ખોટું બાનાખત કરાવેલ ત્યારે આ બંને ખોટા માણસો હોવાનું જાણવા છતાં મુળ માલિકોની ખોટી ઓળખ નોટરી

સામે આપેલ હોવાની હકીકત તપાસમાં ખુલેલ છે અને ખોટા સાક્ષી તરીકે ઉભા રહેવા તેઓએ મુખ્ય આરોપીઓ પાસેથી રૂા.૫૦,૦૦૦/- લીધેલ હોવાની હકીકત પણ તપાસમાં ખુલેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં હાલની જામીન અરજીના તબકકે અરજદાર/આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે, જેથી અરજદાર/આરોપીઓએ ગુન્હામાં ભજવેલ રોલ અને તેની ગંભીરતા ધ્યાને લેતાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક સત્તા વાપરવી ઉચિત જણાતું નથી, તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

અરજદાર/આરોપીઓની રેગ્યુલર જામીન અરજી આથી **''નામંજુર''** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : છઠ્ઠી, માહે : જુન, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૬/૦૬/૨૬
મુ.મોડાસા

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
સત્ર ન્યાયાધીશ
અરવલ્લી -મોડાસા
(કોડ નં.જી.જે.૦૧૫૧૨)

ડી.ટી.મકવાણા